દરેક વ્યક્તિ એક મહાનગ્રંથ સમાન છે, જો તમને એને વાંચતા આવડે તો
- સંત ઓગસ્ટીન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૧ | ૨૦ જુલાઇ ૨૦૧૨, શુક્રવાર, શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કથળતું શિક્ષણનું સ્તર

### જિલ્લાની ૨૫૪ પ્રા. શાળામાં એક જ ધોરણમાં એક વર્ગ કરતાં જુદા જુદા વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં સરકારી શાળાઓમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર દિનપ્રતિદિન વધુ ને વધુ કથળી રહ્યુ છે અને વાલીઓ પણ હવે આ શાળાઓ પ્રત્યેથી પોતાનુ મુખ ફેરવી પેટે પાટા બાંધી પોતાના બાળકોને ખાનગી શાળામાં મુકવા તરફ આગળ વધી રહ્યા છે.

જિલ્લામાં ગુણોત્સવના નબળા પરિણામો પણ આ કથળતા જતા શિક્ષણના સ્તરનું પ્રતિબિંબ પાડી રહ્યા છે. રાજ્યમાં સાક્ષરતામાં પ્રથમ ત્રણમાં સ્થાન ધરાવનાર ગાંધીનગર જિલ્લો પાટનગરનો જિલ્લો હોવા છતાં અહિ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનું અમલીકરણ થતાં આ અંગેનું વરવુ ચિત્ર બહાર આવવા પામ્યું છે.

ગાંધીનગર જિલ્લાની ૨૫૪ પ્રા. શાળાઓ એવી છે કે જ્યાં એક જ વર્ગખંડમાં જુદા જુદા વર્ગના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવે છે.

કેન્દ્ર સરકારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અમલી બનાવતાં સરકારી પ્રા. શાળાઓમાં એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવી રહ્યા છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આવી પ્રા. શાળાઓમાં ગાંધીનગર તાલુકાની ૪૬ પ્રા. શાળાઓ, દહેગામની ૧૪૭ પ્રા. શાળા, માણસાની ૨૫ પ્રા. શાળા તથા કલોલની ૩૬ પ્રા. શાળાઓ છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના અમલીકરણને લઈ આ પરિસ્થિતિ ઉભી થયાનું જણાવતાં આ સૂત્રોએ જણાવ્યું છે કે આર.ટી.આઈ. એક્ટ પ્રમાણે ધો. ૧ થી ૫ માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં ૬૦ સુધી ૨ શિક્ષકો, ૯૦ સુધી ૩ શિક્ષકો, ૧૨૦ સુધી ૪ શિક્ષકો મળવા પાત્ર છે. દરેક શિક્ષક દીઠ એક ઓરડાનું ધોરણ છે જેથી શાળામાં ધો. ૧ થી ૫ માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૦ કરતાં ઓછી હોય તે શાળાને ધોરણ દીઠ શિક્ષક અને ઓરડા મળી શકતા નથી.

વિદ્યાર્થીઓની સંખ્યા વધવાથી અથવા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં સુધારો થવાથી દરેક ધોરણના વર્ગો અલગ કરવામાં આવી શકશે. જો કે આનાથી વિદ્યાર્થીઓના ભણતર પર કોઈ વિપરીત અસરો ન પડે તેની કાળજી રાખવામાં આવી રહી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં બાળકોને બેસવાની તકલીફ અંગે તાજેતરમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ પડઘો પડ્યો હતો અને ઉગ્ર ચર્ચાઓ થઈ હતી તે ઉલ્લેખનીય છે.



પવિત્ર શ્રાવણ માસનો આરંભ થઈ રહ્યો છે ને એ સાથે જ ભક્તિભાવ તથા મંદિરોમાં ભાવિકોના ધસારાનો પણ આરંભ થઈ રહ્યો છે. સમગ્ર જિલ્લાનાં શિવમંદિરો આ માટે અગાઉથી જ તૈયાર થઈને બેઠાં છે. મંદિરોએ ભક્તોને અસુવિધા ન પડે તે માટેની ખાસ તૈયારીઓ કરી છે. કેટલાક ભાવિકો તો શ્રાવણ માસ શરૂ થાય એના એક દિવસ અગાઉથી જ મંદિરે દર્શન માટે પહોંચી ગયા હતા. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર માટે અલાયદી લેન્ડફિલ્ડ સાઈટ નહિ

### ગાંધીનગર સહિત છ નગરો અને શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારના કુલ ૫૦૦ ટન ઘન કચરાના નિકાલ માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પીંપળજ પાસે સંયુક્ત લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર માટે અલાયદી લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરવાની વાતનો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા છેદ ઉડાડવામાં આવ્યો છે અને હવે સાત સ્થળોના ઘન કચરાના નિકાલ માટેની આ લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરવામાં આવી રહી હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરની લેન્ડફિલ્ડ સાઈટનો મુદ્દો છેલ્લા ઘણા સમયથી ચર્ચાના ચગડોળે છે ત્યારે આ છેદ ઉડાડવામાં આવ્યો છે. ગાંધીનગર શહેર સહિત છ નગરો અને ૧ શહેરી સત્તામંડળ વિસ્તારના કુલ ૫૦૦ ટન ઘનકચરાનો નિકાલ આ સાઈટ પર કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં રોજનો ૭૬ ટન જેટલો ઘનકચરો ઉત્પન્ન થાય છે.

ગાંધીનગર શહેર સહિત હવે છ નગરોના ઘનકચરાના નિકાલ માટેની ડમ્પીંગ સાઈટ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવનાર છે.

આ નવી બની રહેલ સંયુક્ત લેન્ડ ફિલ્ડ સાઈટમાં દૈનિક ૪૫૯ ટન જેટલો ઘન કચરો ઠાલવવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આ કચરામાંથી ખાતર નહિ બની શકે પણ તેનો નિકાલ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ સંયુક્ત લેન્ડફિલ્ડ સાઈટમાં કલોલ, કડી, માણસા, દહેગામ, ગાંધીનગર અને પેથાપુરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરની લેન્ડફિલ્ડ સાઈટને લઈ થયેલા વિવાદ બાદ તંત્ર દ્વારા પીંપળજ નજીક નવી લેન્ડફિલ્ડ સાઈટની જગ્યા નિયત કરવામાં આવી છે. આ માટે બોર્ડના અધિકારીઓએ મુલાકાત પણ લઈ

● અનુસંધાન પાના-૭ પર

## ગાંધીનગર મેડીકલ કોલેજમાં ઓપન કેટેગરીમાં બે બેઠકો બાકી રહી

### મેડીકલ કોલેજની હોસ્ટેલ ફી છ હજાર નક્કી કરાઈ : ૧૦ વિદ્યાર્થીઓએ હાજર થયાનું રિપોર્ટીંગ કર્યું છે

### શનિવાર સુધીમાં બધા વિદ્યાર્થીઓ હાજર થઈ જશે તેવો સત્તાવાળાઓનો અંદાજ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં નવી શરૂ થઈ રહેલી મેડીકલ કોલેજની ઓપન કેટેગરીની હવે માત્ર બે જ બેઠકો બાકી છે જે આજે મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન ભરાઈ જશે. જો કે આ પછી ૪૦ બેઠકો જે અનામત વર્ગના વિદ્યાર્થીઓની છે તે હજુ ખાલી છે.

મેડીકલ અને પેરામેડીકલ કોલેજોની ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયાના આજે ત્રીજા દિવસના અંતે ગાંધીનગર મેડીકલ કોલેજમાં કુલ ૮૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો છે. આ કોલેજમાં ૨૩ બેઠકો એન.આર.આઈ. ક્વોટાની હોવાથી ૧૨૭ બેઠકો માટે જોઈન્ટ એડમીશન કમિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૫૦ બેઠકોની મંજૂરી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ આપેલી છે. આ કોલેજનું શૈક્ષણિક સત્ર પણ અન્ય કોલેજોની સાથે જ અર્થાત્ ૧લી ઓગષ્ટથી કાર્યરત થઈ જશે. મેડીકલ કોલેજને હોસ્ટેલની સગવડોને પણ હાલ આખરી ઓપ આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

દરમ્યાન જી.એચ. આર. સી.ની પાંચ મેડીકલ કોલેજની એન.આર.આઈ. સીટોના સેન્ટ્રલ એડમિશન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પાંચ કોલેજોની કુલ ૧૧૩ જેટલી બેઠકોના એડમીશન કોર્સ સ્વીકારવાનો આજે અંતિમ દિવસ છે.

બીજી તરફ આજે ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. શ્રી અરૂણભાઈ વ્યાસને પુછતાં તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ તેમના હાજર રિપોર્ટ આપી દીધા છે અને શનિવાર સુધીમાં બધા વિદ્યાર્થીઓ હાજર થઈ જશે તેવો અંદાજ છે.

કોલેજની હોસ્ટેલ ફી અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે હોસ્ટેલ ફી વાર્ષિક છ હજાર નિયત કરવામાં આવી છે. જો કે આ ફીમાં ફૂડબિલનો સમાવેશ નહિ થતો હોવાની સ્પષ્ટતા પણ તેમણે કરી હતી.

ડૉ. વ્યાસે જણાવ્યુ કે હોસ્ટેલમાં અદ્યતન સુવિધાઓ આપવામાં આવશે તેમાં કોઈ કચાશ રખાશે નહિ. એન.આર.આઈ. ક્વોટાની બેઠકોના ફોર્મ સ્વીકારવાની અંતિમ તા. ૨૦મી છે અને આ પછી તેના કાઉન્સીલીંગ અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.

## માત્ર અમદાવાદ શહેરમાં પાંચ વર્ષમાં ૮૪૦૦ વ્યક્તિ લાપત્તા

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાંથી ગૂમ થયેલા લોકોની સંવેદનશીલ સ્થિતિ છે. તેમાંય અમદાવાદ મેટ્રો સિટીમાં ગૂમ થયેલા વ્યક્તિઓની સંખ્યામાં પ્રતિ વર્ષ વધારો થતો જાય છે. સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ શહેરમાંથી કુલ ૮૪૦૦ લોકો ગૂમ થયાં છે જેમાં ૨૪૪૮ બાળકો અને ૩૬૫૮ મહિલાઓ હતી.

કોંગ્રેસના સભ્ય ગ્યાસુદ્દીન શેખે પૂછેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં રાજ્યના ગૃહ વિભાગે માહિતી આપતાં જણાવ્યું હતુ કે અમદાવાદ શહેરમાંથી ૨૦૧૧ના વર્ષમાં જ ૨૦૨૨ વ્યક્તિ ગૂમ થઈ છે. શહેરમાં ૨૦૦૭માં ૧૪૨૨, ૨૦૦૮માં ૧૫૬૯, ૨૦૦૯માં ૧૬૮૪ અને ૨૦૧૦માં ૧૮૧૩ વ્યક્તિ લાપત્તા છે. પુરુષ ગૂમ થવાના ૨૪૦૪ બનાવો આ પાંચ વર્ષમાં બન્યાં છે.

પોલીસની તપાસના અંતે એવું કહેવામાં આવે છે કે છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦૦ કરતાં વધારે બાળકો પાછા મળી આવ્યાં છે. ૨૯૦૦ જેટલી મહિલાઓ મળી આવી છે અને ૧૮૫૦ જેટલા પુરુષો મળ્યાં છે. હજી લાપત્તા હોય તેવા બાળકોની સંખ્યા ૩૫૦ કરતાં વધારે છે જ્યારે મહિલાઓની સંખ્યા ૬૫૦ કરતાં પણ વધારે છે.

લાપત્તા લોકોની ભાળ માટે અને વ્યક્તિ ગૂમ ન થાય તે માટે પોલીસ તંત્રએ તકેદારીના પગલાં લીધાં છે પરંતુ આ કિસ્સાઓ દર વર્ષે વધતા જાય છે. અમદાવાદ અને રાજ્યભરમાંથી ગૂમ થયેલા બાળકો માટે આંદોલન ચાલી રહ્યું છે ત્યારે સરકાર માટે આ આંકડા ગંભીરતાની કમી બતાવી રહ્યાં છે.

વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા જોતાં એવું કહી શકાય કે માત્ર અમદાવાદમાં ગૂમ થયેલી વ્યકિતઓની સંખ્યા એક વર્ષમાં ૨૦૦ વધી છે. પાંચ વર્ષમાં જિલ્લામાં ૧૧૦૦ લાપત્તા થયા છે.

### ગૂમ થયેલી વ્યક્તિમાં મહિલાઓ સવિશેષ, બીજાક્રમે બાળકો

## આજે ગાંધીનગર આવતા અડવાણી

ગાંધીનગરના સાંસદ અને ભાજપના વરિષ્ઠ અગ્રણી શ્રી લાલકૃષ્ણ અડવાણી આજે ગાંધીનગરના ટુંકા પ્રવાસે આવી રહ્યા છે. ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણ અંગેની વિજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટીના ચેરમેન તરીકે તેઓ આ બેઠકમાં હાજરી આપવા માટે આવી રહ્યા છે.

આજે પાંચ વાગે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે આ બેઠક મળનાર છે. શ્રી અડવાણી તેમની આ મુલાકાત દરમ્યાન તેમના પક્ષના પ્રદેશ અગ્રણીઓને મળે તેવી સંભાવનાઓને લઈ રાજકીય વાતાવરણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. આજે જ વિધાનસભાનું એક દિવસીય સત્ર સંપન્ન થયું છે અને બીજા જ દિવસે શ્રી અડવાણીની આ યાત્રાને વધુ રાજકીય મહત્વ આપવામાં આવી રહ્યું છે.




ગાંધીનગર સમાચાર

છેલ્લા દાયકામાં અખબારના કાગળ - શાહી - પગાર - વિતરણ ખર્ચ તથા વિજળી - ટેલીફોનના ભાવમાં સતત વધારો થતો રહ્યો છે. ના છૂટકે ગાંધીનગર સમાચારની કિંમતમાં વધારો કરવાની ફરજ પડી છે. આવતીકાલથી ગાંધીનગર સમાચારની કિંમત રૂ. ૧.૮૦ પૈસા રાખવાનો નિર્ણય કર્યો છે. વાચક અને વિતરક પરિવારને નોંધ લેવા વિનંતી છે.

- મેનેજીંગ તંત્રી




